**વાપી ભાસ્કર 27-12-2023**

## ખેરગામમાં IT સેલ અંતર્ગત સાયબર સિક્યોરિટીની યુવકોને જાણકારી અપાઈ

**ખેરગામ** | આઈ.ટી.સેલ તેમજ વિજ્ઞાન પ્રવાહ અને નવસારી જિલ્લા મહિલા અને બાળ વિભાગ ગુજરાત રાજ્યનાં સયુંકત ઉપક્રમે વિદ્યાર્થીઓ સાયબર ક્રાઈમ વિશે જાગૃત થાય એ હેતુથી ખેરગામ કોલેજમાં આચાર્ય ડો.એસ.એમ.પટેલનાં માર્ગદર્શન હેઠળ "સાયબર સિક્યોરિટી" વિષય સંદભે એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું. જે નિમિત્તે મહિલા અને બાળ વિકાસ અધિકારીની ક્ચેરી નવસારીનાં જિલ્લા કો-ઓડિનેટર અસ્મિતાબેન ગાંધી, સખી વન સ્ટોપ સેન્ટર નવસારીનાં કેન્દ્ર સંચાલક હર્ષિદાબેન, વૈદહીબેન અને જયેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા. અસ્મિતાબેન ગાંધીએ સાઈબર ક્રાઈમ શું છે ? કઈ સાવચેતી રાખવી, ફરિયાદ ક્યા કરવી એ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમજ એમની સાથે પધારેલ હર્ષિદાબેને સાઈબર સુરક્ષા સીસ્ટમ વિશે PPT તેમજ વિડીયોનાં માધ્યમથી વિવિધ ઉદાહરણો આપી મુક્તમને પોતાના વિચારો સરળ ભાષામાં પ્રસ્તુત કર્યા હતા.એટલું જ નહિ સાઈબર ક્રાઈમ ઈમરજન્સી નબંર ૧૯૩૦ વિષે જરૂરી માર્ગદર્શન પણ પુરૂં પાડ્યું હતું 'સાવચેતી એજ સમજદારી' અને તમારા માટે જે કામનું છે એ જીવન ઉપયોગી છે એ વાત ઉપર ખાસ ભાર આપ્યો હતો.

**વાપી ભાસ્કર 04-01-2024**

## ખેરગામમાં 'લેખન અને આંતરવ્યક્તિત્વ કુશળતા ફરી શરૂ કરો' પર સેમિનાર યોજાયો



**ખેરગામ** | ખેરગામ કોલેજમાં આચાર્ય ડો. એસ.એમ. પટેલનાં માર્ગદર્શન હેઠળ"Resume Writing & Interpersonal Skills" (લેખન અને આંતરવ્યક્તિત્વ કુશળતા ફરી શરૂ કરો) વિષય ઉપર એક દિવસીય ઓફલાઈન સેમિનારનું આયોજન કરાયું હતું જે નિમિત્તે નારણલાલા કોલેજ નવસારીથી વિષય તજજ્ઞ પ્રા.ડો.વિશાલભાઈ માળીએપ્રથમ સેશનમાં ""Resume Writing" વિષય સંદર્ભે વિદ્યાર્થી મિત્રોને Resume, C.V. and Bio-Data વચ્ચે તફાવત તેમજ કોમ્યુનિકેશન સ્કિલ જેવા સોફ્ટ સ્કિલ અંગેવિદ્યાર્થીઓમાં હકારાત્મક અભિગમ કેળવવાતેમજ આંતર વ્યક્તિત્વ કૌશલ્ય કેવી રીતે કેળવી શકાય તે અંગેની સમજૂતિ પૂરી પાડી હતી.તથા બીજા સેશનમાં " Interpersonal Skills" અંગે પ્રા.ડો.દિવ્યેશ ગાંધીએકઈ-કઈ બાબતોનું ધ્યાન રાખવું તે અંગેની વિશેષ માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. સુનિલભાઈ એમ. જાદવેઅનેપ્રા. ધર્મેશભાઈપટેલેસૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

**નવસારી 05-01-2024**

## ખેરગામમાં વિદ્યાર્થીઓને રિસ્યુમ, સીવી અને બાયોડેટા વચ્ચેના તફાવતની સમજ અપાઇ



**ખેરગામ** । ખેરગામ કોલેજમાં આચાર્ય ડો. એસ.એમ. પટેલનાં માર્ગદર્શન હેઠળ રિસ્યુમ રાઈટીંગ અને ઈન્ટરપર્સનલ સ્કિલ્સ વિષય ઉપર એક દિવસીય ઓફલાઈન સેમિનારનું આયોજન કરાયું હતું. જે નિમિત્તે નારણલાલા કોલેજ નવસારીથી વિષય તજજ્ઞ પ્રા.ડો.વિશાલભાઈ માળીએ પ્રથમ સેશનમાં રિસ્યુમ રાઈટીંગ વિષય સંદર્ભે વિદ્યાર્થી મિત્રોને રિસ્યુમ, સીવી અને બાયોડેટા વચ્ચે તફાવત તેમજ કોમ્યુનિકેશન સ્કિલ જેવા સોફ્ટ સ્કિલ અંગે વિદ્યાર્થીઓમાં હકારાત્મક અભિગમ કેળવવા તેમજ આંતર વ્યક્તિત્વ કૌશલ્ય કેવી રીતે કેળવી શકાય તે અંગેની સમજૂતિ પૂરી પાડી હતી. ઈન્ટરપર્સનલ સ્કિલ્સ અંગે પ્રા.ડો.દિવ્યેશ ગાંધીએ કઈ-કઈ બાબતોનું ધ્યાન રાખવું તે અંગેની વિશેષ માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. સુનિલભાઈ જાદવે અને પ્રા. ધર્મેશભાઈ પટેલે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

**વાપી ભાસ્કર 10-01-2024**

## ખેરગામમાં પ્રવાસી ભારતીય દિવસે વેબિનાર યોજાયો

**ખેરગામ** | પ્રવાસી ભારતીય દિવસ નિમિત્તે ખેરગામ કોલેજમાં "The NRI Experience" વિષય સંદર્ભે સેમિનાર આચાર્ય એસ એમ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.જેનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં વિદેશ પ્રવાસ બાબતે જાગૃતતા આવે વિષય સંદર્ભે યુ.એસ.એનાં એડવોકેટ મિત્સુ ચાવડાએ વિષય વ્યાખ્યાન આપતા જણાવ્યું કે "વિદેશમાં ફરવા જતી વખતે શિસ્તનું પાલન કરવું . આ વેબિનારમાં સંચાલન પ્રા.ડો. ધર્મરાજભાઈ ટૈલરે એ કર્યું હતું પ્રા.રક્ષાબેન પટેલ અને પ્રા. ડો. સુનિલભાઈ જાદવે આભાર વ્યક્ત કર્યો હતો.